# ચિઠોડામાં વીજતંત્રના ધાંધિયા

## રાત્રે તસ્કરોનો ભય વધ્યો : ગ્રામજનો ગાંધીચિંધ્યા માર્ગે લડત આપશે



ભિલોડા, તા. ૬

વિજયનગર તાલુકાના ચિઠોડા ગામ તેમજ આજુ-બાજુના ગામડાઓમાં વીજ તંત્રના ધાંધીયાથી પ્રજાજનો તોબા-તોબા પોકારી ઉઠ્યા છે. ચિઠોડા ગામના શૈલેષભાઈ પંચાલ તેમજ ગ્રામજનોના જણાવ્યા મુજબ ચિઠોડા પંથકમાં કલાકોના કલાકો સુધી વીજળી ગાયબ થઈ જતાં પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુકાય છે.

એક તરફ ચોમાસાની સિઝન,જીવજંતુઓ,મચ્છરોનો ત્રાસ,અસહ્ય ગરમી,બાફ ઉકળાટ ભર્યો માહોલ સર્જાયો છે ત્યારે પ્રજાજનોની હાલત અત્યંત દયનીય છે.પ્રજાજનોને રાત્રે તસ્કરોનો પણ ભય રાત્રી દરમ્યાન સતાવતો હોય છે. ચિઠોડાના પુર્વ સરપંચ લાલજીભાઈ,ડે.સરપંચ મણીભાઈ,વેપારી એસોશીએશનના પ્રમુખ ગીરીશભાઈ પટેલ,શૈલેષભાઈ પંચાલ,બજારના વેપારીઓ,આગેવાનો,ગ્રામજનો આ બાબતે મૌખિક,લેખિત વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરવા છતાં યુ.જી.વી.એલ.ની એ.સી.ઓફીસમાં બેઠેલા જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા છે.અધિકારીઓના પેટનું પાણી ય હલતુ નથી.ચીઠોડા ગામની બાજુમાં દંતોડ ૬૬ કે.વી.ની વીજ લાઈનો ખોટકાતા વારંવાર વીજપુરવઠો ખોરવાય છે.ચિઠોડાના ગ્રામજનોની પ્રબળ લોકમાંગણી છે કે જયોતિગ્રામ યોજના હેઠળ લાભ અપાય તેવી લોકમાંગણી છે.રાજય સરકારની ગામે-ગામ વીજળીની વાતો અધિકારીઓના કારણે સફળ થતી નથી.ચિઠોડા પંથકમાં પ્રજાજનો વારંવાર વીજળીનો પુરવઠો વારંવાર ખોરવતા ત્રાહિમામ પોકારી ગયા છે.ચીઠોડાના ગ્રામજનો અને વેપારીઓએ નાયબ કાર્યપાલક ઈજનેર યુ. જી. વી. સી. એલ.,ભિલોડા ખાતેની ઓફીસમાં લેખિતમાં જાણ કરી છે કે જયોતિગ્રામ યોજનાની સુવિધા આ ગામડાઓમાં તાત્કાલીક ધોરણે આપવામાં નહી આવે તો ટુંક સમયમાં વીજળીનો પ્રશ્ન હલ નહી થાય તો ગ્રામજનો ગાંધીચિંધ્યા માર્ગે લડત આપવાનું રણશીંગુ ફુકાયું છે.ચિઠોડામાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતા ગ્રામજનો અને વેપારીઓમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે.

## ગુજરાતના નવા મુખ્યમંત્રીની વરણી થતાં મોડાસા ભાજપ દ્વારા આતશબાજી



**મોડાસા ભાજપા દ્વારા મોડાસા ચાર રસ્તા ખાતે ફટાકડા ફોડી મોં મીઠું કરાયું**

મોડાસા, તા.૦૬

ગતિશીલ ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે ભાજપના વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી તરીકે નિતીનભાઈ પટેલની વરણી થતાં મોડાસામાં અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનના પ્રમુખ રણવીરસિંહ ડાભી, જિલ્લા ભાજપ કાર્યાલય મંત્રી દિપકભાઈ પટેલ, મોડાસા શહેર ભાજપ સંગઠનના પ્રમુખ જગદીશભાઈ ભાવસાર, મહામંત્રી રણધીરભાઈ ચુડઘર, યશવંતભાઈ વ્યાસ અને કારોબારી રાજુભાઈ સગર, ગફુલભાઈ દેસાઈ, મોડાસા નગરપાલિકાના પ્રમુખ વનિતાબેન પટેલ, ઉપપ્રમુખ દિનેશભાઈ ગુર્જર, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન સુભાષભાઈ શાહ, જાહેર બાંધકામ સમિતિના ચેરમેન આશિષભાઈ ડી.જયસ્વાલ, સેનેટરી ચેરમેન કેતનભાઈ ત્રિવેદી, નિકેશભાઈ પરમાર, જ્યોત્સનાબેન કડિયા, અને કાર્યકરો દ્વારા મોડાસામાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જ્યારે મોડાસા ચાર રસ્તા ખાતે આતશબાજી કરી એકબીજાનું મોં મીઠુ કરાવ્યું હતું. વરણીને મોડાસા ભાજપા દ્વારા વધાવી આનંદ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## "ફ્રેન્ડશીપ ડે" ઉજવવા યુવાઓ તેમજ ભુલકાઓમાં થનગનાટ




અરવલ્લી,તા. ૬

આજે ઓગષ્ટના પ્રથમ રવિવારે સમગ્ર વિશ્વ "ફ્રેન્ડશીપ ડે"ની ઉજવણી કરશે. કિશોર અવસ્થાથી વૃદ્ધાવસ્થાએ પહોંચેલા મિત્રો ભેગા મળી ફ્રેન્ડશીપ ડેની ઉજવણીના રંગે રંગાશે. આજના સમયની સાથે ફ્રેન્ડશીપની વ્યાખ્યા ઘણી બદલાઈ છે.

બેલ્ટથી માંડીને મિત્રને મુશ્કેલીમાં મદદ કરવા સુધીની આ સફર આજે ચાલી રહી છે. મિત્રો દિલથી ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી કરવા તત્પર બન્યા છે. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કિશોરોથી માંડી વૃદ્ધાવસ્થાએ પહોંચેલા મિત્રો આજે ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરશે. આજના આધુનિક યુગમાં ભુલકાઓમાં પણ ઉત્સુકતાપુર્વક ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી કરવા તત્પર બન્યા છે.

૧૯૩૫માં કોંગ્રેસે ફ્રેન્ડશીપ દિવસની ઘોષણા કરી દેશમાં એક દિવસ દોસ્તોને સમ્માન આપી દોસ્તો માટે સમર્પિત થવાની ભાવના જગાવવા ઓગષ્ટના પહેલા રવિવારે ફ્રેન્ડશીપ ડે નો જશ્ન મનાવવામાં આવે છે. ફ્રેન્ડશીપ ડે આંતરરાષ્ટ્રીય મૈત્રી દિવસ તરીકે ઓળખાય છે. મૈત્રી દિવસ મોજમસ્તી અને ઉત્સાહ સાથે મિત્રો મનાવે છે. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આવેલી ગીફટ આર્ટીકલની દુકાનો અને ફૂલોના વેપારીઓને ત્યાં જિલ્લાના યુવાઓ અને ભુલકાઓ દ્વારા ગુલાબના ફૂલ, ફૂલછોડની અન્ય આઈટમો, ગીફટ આર્ટીકલ, ગ્રેટીંગ્સ કાર્ડ અને ફ્રેન્ડશીપ બેલ્ટ ખરીદી તેમના મીત્રને આપી પોતાની દોસ્તીનો અહેસાસ કરાવવા મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. બંને જિલ્લાના યુવા હૈયાઓ દ્વારા કોલેજસત્રના પ્રથમ સત્રમાં થયેલી મુલાકાત અને ગાઢ દોસ્તીમાં પરીવર્તન થયેલી મિત્રતાને ઉજવવા સપ્તાહ પહેલાથી જ કોઈ ખાસ જગ્યાએ જઈને મિત્રો સાથે ફ્રેન્ડશીપ ડે ઉજવવાનું અને મોજમસ્તી કરવાનુ આયોજન કર્યુ છે. શાળામાં અભ્યાસ કરતા ભુલકાઓ પણ ઉત્સુકતા માટે ફ્રેન્ડશીપ બેલ્ટની ખરીદી કરી તેમના પાટલી પાર્ટનરને મિત્રતાનો સ્વીકાર કરવા પહેરાવી રહ્યા છે. સાબરકાંઠા અરવલ્લી જિલ્લાની યુવતીઓ ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી આગલા દિવસે શનિવારે જ મનાવી લીધો હોવાનું એક કોલેજીયન યુવતીએ જણાવ્યુ હતુ.

## હિંમતનગરના સ્વામીનારાયણ મંદિર હોલમાં ખેડૂત શિબિર યોજાઇ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહિતના અન્ય વિસ્તારોમાં આ વર્ષે ખેડૂતોએ અંદાજે પાંચ હજાર હેકટરથી વધુ જમીનમાં કપાસનું વાવેતર કર્યુ છે ત્યારે તેમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ થતા તેના નિયંત્રણ માટે અનેક પ્રયાસ કરવા છતાં ખેડૂતો પાકને બચાવી ન શકતા નિરાશાની ગર્તામાં ધકેલાઈ રહ્યા છે ત્યારે શનિવારે હિંમતનગરના સ્વામીનારાયણ મંદિરના હોલમાં નર્મદા સાગર સીડ્સના ઉપક્રમે ખેડૂત શિબિરનું આયોજન કરાયુ હતું. જેમાં તમામ ખેડૂતોને ઈયળ નિયંત્રણ માટેની કીટનું વિના મૂલ્યે વિતરણ કરવાની જાહેરાત કરાઈ હતી.

આ અંગે હિંમતનગર સ્થિત નર્મદા સાગર સીડ્સના ગિરધરભાઈ પટેલ તથા દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના શિશિરસિંહ સોલંકી, ડી.વી.બારોટ, આર.કે. ચૌધરી તથા ડૉ.બોરડના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં કપાસમાં ઉપદ્રવ થયેલ ગુલાબી ઈયળના નિયંત્રણ માટે ખેડૂતો, બિયારણ ઉત્પાદકો, એજન્ટો તથા બિયારણ પકવતા કંપનીના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે ગુલાબી ઈયળના નિયંત્રણ માટે ફોરોમેન તથા લ્યુરનો કયારે અને કેવી રીતે ઉપયોગ કરવો તેની કૃષિ નિષ્ણાતો દ્વારા વિસ્તૃત જાણકારી આપીને નર્મદા સાગર સીડ્સ અને રાજય સરકારના કૃષિ વિભાગ દ્વારા ખેડૂતોને વિના મૂલ્યે કીટ આપવાની જાહેરાત કરાતા ખેડૂતોએ તેને વધાવી લીધી હતી.

## કોટડામાં ખેતરમાં ઘૂસી જઈ પાકને નુકશાન કરાતાં ૧૦ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જીલ્લાના પોશીના તાલુકાના કોટડા ગામે એક ખેતરમાં ૧૦ જણાએ શુક્રવારે હથિયારો સાથે પ્રવેશ કરી જમીન લેવી હોય તો રૂા.૫ લાખની માંગ કરી પાકને નુકશાન પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ખેરોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી. કોટડા ગામે રહેતા મહંમદયાસીન નિમુદીન સિપાઈના ખેતરમાં ભુતાભાઈ ભુરાભાઈ ગમાર, રમણભાઈ ભુતીયાભાઈ ગમાર, દીતીયાભાઈ ભુતીયાભાઈ ગમાર, ખલીયાભાઈ રૂપાભાઈ ગમાર, વાઘાભાઈ ખલીયાભાઈ ગમાર, ફુલીયાભાઈ રૂપાભાઈ ગમાર, લાતીયાભાઈ ખલીયાભાઈ ગમાર, ફતાભાઈ રૂપાભાઈ ગમાર (તમામ રહે.કોટડા) તથા રાજસ્થાનના કૂવાખડીના બાબુભાઈ અને જોરીયાભાઈ સહિત ૨૦ જણાના ટોળાએ હથિયારો સાથે ગેરકાયદે ખેતરમાં પ્રવેશ કરી પાકને નુકશાન પહોંચાડી મહંમદયાસીન સિપાઈને જમીન લેવી હોય તો રૂા.૫ લાખ આપી દે અને જો પૈસા લીધા વગર આવીશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતા મહંમદયાસીન સિપાઈએ ૧૦ સહિત ૨૦ના ટોળા વિરૂધ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## રેલવે અન્ડરબ્રીજમાં બસ ફસાઈ




ચિત્રાસણી પાસે રેલવે અન્ડરબ્રીજ આવેલો છે. આ વિસ્તારમાં વારંવાર વરસાદ પડતા પાણી ભરાઈ જાય છે. વહીવટી અણ આવડની ગવાહી પુરી પાડતા રેલવે ગરનાળામાં દર વર્ષે વરસાદી પાણી ફરી વળે છે. જેના કારણે દર ચોમાસામાં વાહન ચાલકોને ભારે હેરાનગતિનો ભોગ બનવુ પડે છે, ત્યારે આજે પણ અંબાજીથી પરત ફરી રહેલી એક લકઝરી બસ વરસાદી પાણીથી ભરેલા આ રેલવે ગરનાળામાં ફસાઈ ગઈ હતી. જેને પગલે બસમાં મુસાફરી કરી રહેલા પચાસથી વધુ મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા. જો કે ત્રણેક કલાકની જહેમત બાદ ક્રેનની મદદથી બસને બહાર કાઢવામાં આવતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

## દારૂની હેરાફેરી કરતી જીપ પાલનપુર તાલુકા પોલીસના હાથે ઝડપાઈ

### ૪ લાખથી વધુનો મુદ્દામાલ કબજે

પાલનપુર, તા. ૬

ગુજરાત રાજયમાં ઘુસાડવામાં આવતા પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂના નેટવર્કને ખતમ કરી નાંખવા પોલીસ અધિક્ષક નિરજ બડગુજરની સુચના આધારે તેમજ ના.પો.અધિ. બી.એ. ચાવડા પાલનપુરના માર્ગદર્શન હેઠળ પાલનપુર તાલુકા પો.સ.ઈ. જે.એચ. સિંધવ તેમજ પો.કોન્સ. વિનોદકુમારને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે રામપુર વડલા ત્રણ રસ્તાએ નાકાબંધી ગોઠવી મહીન્દ્રા મેક્સ ડી.આઈ. જીપ ગાડી નં. જીજે. ૧. એચક્યુ. ૬૭૨૭ને રોકાવતા તેનો ચાલક ગાડી ઉભી રાખી અંધારાનો લાભ લઈ નાસી ગયેલ અને ગાડીમાં જડતી તપાસ કરતા ગાડીમાં સફેદ ખાખી પુઠાની પેટીઓ ભરેલ હોઈ જે પેટીઓમાં પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂ હતો. ગાડીની કિં. રૂ. ૩,૦૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલ કિં. રૂ. ૪,૩૨,૧૯૨ કબજે લઈ ચાલક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પાટીદારોની બાઈક રેલી યોજાઈ



ઊંઝા,તા. ૬

આજે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે ઊંઝા સુધી પાટીદારોની બાઈક રેલી (એકતા યાત્રા) કાઢવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લા એસ.પી.જી. ગૃપ આયોજીત આ એકતા યાત્રાના નામે નીકળેલ રેલી બપોરના સાડા બાર વાગ્યાના સુમારે ઊંઝા શહેરમાં પ્રવેશીને કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજીના મંદિરે પહોંચી હતી. જ્યાં સ્થાનિક એસ.પી.જી.ના આગેવાનો, માતાજી સંસ્થાનના કેટલાક હોદ્દેદારો અન્ય પાટીદાર આગેવાનોએ સ્વાગત કર્યુ હતુ.

આ બાઈક રેલીમાં અંદાજે ૭૦૦ જેટલા બાઈક તેમજ અન્ય નાના વાહનો જોડાયા હતા. બાઈકરેલીમાં આવેલ પાટીદાર સમાજના ખાસ કરીને યુવાનોએ મા ઉમિયાના દર્શન કર્યા હતા.

દરમિયાન આવતીકાલે મહેસાણાથી ઊંઝા સુધી પાટીદાર સ્વાભિમાન પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રામાં લગભગ ૨૦ થી ૨૫ હજાર પાટીદારો જોડાય તેવી શક્યતા જણાય છે. પદયાત્રામાં ૧૧૦૦ સ્વયંસેવકો સેવા આપનાર છે.

## તલોદમાંથી યુવતીનું અપહરણ કરાતાં એક વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના રૂપાલ ગામે રહેતા મહેશભાઈ પુંજાભાઈ ચમારની દીકરી અનિતાનું શુક્રવારે ગામના જ જીજ્ઞેશભાઈ નવનીતભાઈ લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી પટાવી ભગાડી જતા તે અંગે મહેશભાઈ ચમારે જીજ્ઞેશભાઈ વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## પથ્થર કાપવાની ફેકટરીમાંથી ૮૪ હજારની મત્તા ચોરાઈ

### અજાણ્યા શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જીલ્લાના ઈડર લીંભોઈ રોડ પર ગંભીરપુરા પાસે આવેલ સાંઈ સ્ટોન એન્ડ ગ્રેનાઈટ નામની પથ્થર કટીંગની ફેકટરીમાંથી શુક્રવારે અજાણ્યા શખ્સોએ ફેકટરીમાં પ્રવેશ કરી રૂા.૪૧,૩૦૦ રોકડ, રૂા.૩૦ હજારના બે લેપટોપ, રૂા.૮ હજારનો ડાયમંડ સેટ, સીસી ટીવીનું રૂા.૫ હજારનું રેકોર્ડર મળી રૂા.૮૪૩૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. ઈડરના શ્રીનગરમાં રહેતા શૈલેન્દ્રસિંહ શંકરસિંહ રાઠોડે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ઊંઝાની મહિલાએ બમણાની લાલચમાં ૩૫ લાખ ગુમાવ્યા

ઊંઝા, તા. ૬

ગત એપ્રિલ માસની આખરમાં ઊંઝા એસ.ટી. બસ સ્ટેશનમાં પાટણ તાલુકાની એક મહિલાને ભેટી ગયેલ ચાર ગઠિયાઓએ એકના ડબલ કરવાની લાલચ આપી મહિલા પાસેથી રપિયા ૩૫ લાખની રકમ પડાવીને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાયેલ છે.

વિગત એવી છે કે મૂળ પાટણ તાલુકાના બાલીસણા ગામના અને હાલ વડોદરા ખાતે રહેતા કામિનીબેન મફતલાલ પટેલ તે ગત તા. ૨૯-૪-૨૦૧૬ના રોજ બપોરના સમયે ઊંઝા એસ.ટી. બસ સ્ટેશનમાં ચાર શખ્સોનો ભેટો થયો હતો. આ શખ્સોએ મહિલાને વિશ્વાસમાં લઈ એકના ડબલ કરી આપવાની લાલચ આપી હતી. જેથી આ મહિલાએ એકના ડબલની લાલચમાં રૂપિયા ૩૫ લાખની માતબર રોકડ રકમ આ ગઠિયાઓને આપી દેતા તેઓ નાણાં લઈને રફુચક્કર થઈ ગયા હતા.

આમ એકના ડબલની લાલચમાં મોટી રકમ ગુમાવનાર મહિલાએ સવાત્રણ માસ જેટલો સમય વીતિ ગયા બાદ મોડેથી ઊંઝા પોલીસમથકે ફરિયાદ આપી હતી. આથી ઊંઝા પોલીસે ચાર શખ્સો સામે ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ અને ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

આ ફરિયાદમાં આરોપીઓ તરીકે રોહિત દરબાર, લાલુભાઈ પ્રજાપતિ અને અન્ય બે કારીગરો રહી ડીસાના નામો દર્શાવેલ છે.

## રેવાસની સીમમાંથી ૩૪ હજારની ડ્રીપ પાઈપો ચોરાઈ

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના રેવાસ ગામની સીમમાં આવેલ વિઠ્ઠલભાઈ પશાભાઈ પટેલના ખેતરના શેઢા પર મુકેલ રૂા.૩૪ હજારની કિંમતની ૧૬ બંડલ ડ્રીપ પાઈપો તા.૩૦ જુલાઈની રાત્રે અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા વિઠ્ઠલભાઈ પટેલે બુધવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.